Dy. S.O./Dy. Mamlatdar - Class-III
Advt No: 20/10-11. Date- 26/06/2011.

D W Q

B

Time : 60 Minutes, Total Que.:100, Total Marks : 100.
સમય : 60 મિનિટ, કુલ પ્રશ્નો : 100, કુલ ગુણ : 100
This Question Booklet Contains 16 Printed Pages

**ઉમેદવારનો સીટ નંબર**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

## ઉમેદવારોને સૂચના

(01) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ 100 પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે.

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચુક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ/હૉલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કોમ્પ્યુટરાઈઝડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી (**Blue**) અથવા કાળી (**Black**) શાહીની બોલપેનથી (**English**) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સીરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગું પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક કરીને (encode) કરીને આપવી.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ **A, B, C** કે **D**ના **વર્તુળને પૂરેપૂરુ ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ ''શૂન્ય'' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

**ઉદાહરણ તરીકે :** મહાત્માગાંધીનું જન્મ સ્થળ કયા નામે ઓળખાય છે.

(A) જગ મંદિર (B) મહાત્મા મંદિર (C) કિર્તી મંદિર (D) ગાંધી મંદિર

(A) (B) ● (D)

આ ઉદાહરણમાં સાચો જવાબ (**C**) છે. આથી (**C**)નું વર્તુળ ડાર્ક (**encode**) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં **''કિર્તી મંદિર''** લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) **જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈપણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે.**
   (1) **જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે.**
   (2) **જવાબવહીમાં રફકામ કરેલ હશે.**
   (3) **જવાબવહીમાં ભરવાની કોઈપણ કોલમની વિગતમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્ન પુસ્તિકા સિરીઝ અને પ્રશ્ન પુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (Encode) કરેલ હશે.**
   (4) **જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેકશન ઈન્ક, કરેકશન ફ્લ્યુડ, કરેક્શન પેન, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.**

(10) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(11) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(12) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(13) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના એક તૃતીયાંશ ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે **નેગેટીવ ગુણ**ની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(14) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.




SEAL


1 ધારો કે આજે બુધવાર છે તો પછીના રવિવાર પછી 25 દિવસે કયો વાર હશે ?


(A) રવિવાર (B) શનિવાર



(C) ગુરુવાર (D) સોમવાર

2 નીચે દર્શાવેલ આકૃતિઓમાં પાંચમા ક્રમે કઈ આકૃતિ આવશે ?


(1)  (2)  (3) 

(4)  (5) ?..................

(A)  (B) 

(C)  (D) 

3 નીચે દર્શાવેલ આકૃતિમાં કુલ કેટલા ચોરસ છે ?



(A) 25 (B) 26

(C) 27 (D) 31

4 કમ્પ્યૂટરમાં વપરાતી આઈસી ચીપ્સ શાની બનેલી છે ?

(A) ક્રોમિયમ (B) મેગ્નેશિયમ

(C) સિલિકોન (D) જીપ્સમ

5 જો રજત = JPL હોય, કવન = ZEG હોય, મગન = WBG હોય અને હરણ = NJK હોય તો 'મનહર' = શું થાય ?

(A) WGNJ
(B) WJNG
(C) WGPJ
(D) WNGJ

6 નીચેના પૈકી અમદાવાદ મહાનગરપાલિકાના સૌ પ્રથમ મેયર કોણ હતા ?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) ચીનુભાઈ સી. શેઠ
(C) ચંદ્રકાંત ગાંધી
(D) પ્રેમચંદ વી. શાહ

7 'ઇક્વિનોક્સ' - દિવસ અને રાત સરખા રહેવાની ઘટના કયા દિવસે બને છે ?

(A) 21 માર્ચ - 23 સપ્ટેમ્બર
(B) 27 માર્ચ - 29 સપ્ટેમ્બર
(C) 10 એપ્રિલ - 13 ઑક્ટોબર
(D) આ પૈકી એક પણ નહીં

8 કઈ ગુજરાતી મહિલાનું નામ પર્વતારોહણ ક્ષેત્રે જાણીતું છે ?

(A) બચેન્દ્રી પાલ
(B) કરિશ્મા પટેલ
(C) કૃપાલી પટેલ
(D) ચૌલા જાગીરદાર

9 તાજેતરમાં અમદાવાદ ખાતે ચેસની રમતમાં થયેલ ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ સંદર્ભમાં નીચેનામાંથી કઈ બાબત સાચી નથી ?

(A) આ અગાઉનો ગિનીઝ બુક વર્લ્ડ રેકર્ડ 2006માં 13000 ખેલાડીઓ દ્વારા રમાયેલી ચેસ સ્પર્ધાનો હતો.
(B) આ ચેસ સ્પર્ધામાં ભારતીય વિશ્વ ચેમ્પિયન વિશ્વનાથ આનંદ 46 ખેલાડીઓ સાથે ચેસ રમ્યા હતા.
(C) આ સ્પર્ધા અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
(D) આ રમતમાં મેદાનને 64 ખાનામાં વહેંચવામાં આવ્યું હતું.

10 'પેનલ્ટી કીક' શબ્દ કઈ રમતમાં વપરાય છે ?

(A) ક્રિકેટ
(B) ફૂટબૉલ
(C) હોકી
(D) બેઝબૉલ

11 મહાન ખેલાડી 'લીઓનેલ મેસી' કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) ક્રિકેટ
(B) વૉલીબૉલ
(C) ફૂટબૉલ
(D) બેઝબૉલ

12 નારાયણ કાર્તિકેયન કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) 100 મીટર દોડ
(B) 100 મીટર તરણ
(C) હેન્ડબૉલ
(D) કાર રેસિંગ

[Contd...

13 રાષ્ટ્રમંડલ દેશોના રમતોત્સવમાં ગુજરાતની કઈ મહિલા ખેલાડીએ 50 મીટર રાઈફલ શૂટિંગનો સિલ્વર મેડલ જીત્યો ?

(A) ધ્યાની દવે
(B) રઝિયા શેખ
(C) લજ્જા ગોસ્વામી
(D) હીર પટેલ

14 પ્રસિદ્ધ ભારતીય મહિલા ખેલાડી સાયના નેહવાલનું નામ નીચેના પૈકી કઈ રમત સાથે સંકળાયેલું છે ?

(A) ટેબલ ટેનિસ
(B) બેડમિન્ટન
(C) ગોલ્ફ
(D) ટેનિસ

15 પ્રાણાયામમાં રેચકનો અર્થ એટલે.....

(A) શ્વાસ લેવો.
(B) શ્વાસ છોડવો.
(C) શ્વાસ રોકવો.
(D) શ્વાસ રોકવો અને છોડવો.

16 વર્તમાન સમયમાં કુસ્તીના પ્રત્યેક મુકાબલાનો સમય કેટલી મિનિટનો હોય છે ?

(A) 6 મિનિટ
(B) 9 મિનિટ
(C) 12 મિનિટ
(D) 15 મિનિટ

17 ભારતમાં કટોકટી જાહેર થઈ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી નીચેનામાંથી કોણ હતા ?

(A) શ્રી ચીમનભાઈ પટેલ
(B) શ્રી માધવસિંહ સોલંકી
(C) શ્રી બાબુભાઈ પટેલ
(D) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

18 વડોદરા સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું તે સમયે વડોદરા સ્ટેટના વડા કોણ હતા ?

(A) શ્રી સયાજીરાવ
(B) શ્રી ખંડેરાવ
(C) શ્રી બાબુરાવ
(D) સર પ્રતાપસિંહ

19 'રેપોરેટ' અને 'રિવર્સ રેપોરેટ'નું નિયમન કોણ કરે છે ?

(A) સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા
(B) સેન્ટ્રલ બેન્ક ઑફ ઈન્ડિયા
(C) બેન્ક ઑફ ઈન્ડિયા
(D) રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા

20 'ઈરડા' (IRDA) એ કયા ક્ષેત્રનું નિયમન કરે છે ?

(A) બેન્કિંગ
(B) વીમા
(C) નાણાકીય
(D) કૃષિ

21 કયા રાજ્યપાલશ્રીના સમયમાં બે વાર રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવ્યું હતું ?
(A) માનનીય શ્રીમન્નારાયણ (B) માનનીય શ્રીમતી શારદા મુખરજી
(C) માનનીય શ્રી કે. કે. વિશ્વનાથન (D) માનનીય શ્રી કૈલાસપતિ મિશ્રા

22 ભારતની સર્વોચ્ચ અદાલતના સૌ પ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ હતા.
(A) શ્રી. પી. એન. ભગવતી (B) શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ
(C) શ્રી. હરિલાલ કણિયા (D) શ્રી. ગણેશ વાસુદેવ માવળંકર

23 કયા ગુજરાતી મહાનુભાવના આશીર્વાદપૂર્વક ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી હતી ?
(A) પૂ. ડોંગરેજી મહારાજ (B) પૂ. રવિશંકર મહારાજ
(C) પૂ. કાકાસાહેબ કાલેલકર (D) પંડિત રવિશંકર

24 ગુજરાતમાં ''કૃષિ મહોત્સવ''નું આયોજન કયા દિવસથી આરંભાય છે ?
(A) અક્ષય તૃતીયા (B) અષાઢી બીજ
(C) હુતાશણી (D) બુદ્ધપૂર્ણિમા

25 પંચાયતી રાજનું અસ્તિત્વ કઈ કમિટીના અહેવાલ બાદ આવ્યું ?
(A) જીવરાજ મહેતા કમિટી (B) બળવંતરાય મહેતા કમિટી
(C) માવલંકર કમિટી (D) ગુલઝારીલાલ નંદા કમિટી

26 બંધારણના કયા અનુચ્છેદમાં પંચાયતની જોગવાઈ કરાઈ છે ?
(A) 250 (B) 243
(C) 200 (D) 198

27 નીચેનામાંથી કઈ બાબતનો પંચાયતના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નથી ?
(A) લઘુ સિંચાઈ (B) પરિવાર કલ્યાણ
(C) ઉચ્ચ શિક્ષણ (D) ગ્રામ વીજળીકરણ

28 પંચાયતી રાજના મૂળ સિદ્ધાંત પ્રમાણે પંચાયતી રાજની સફળતા માટે શું મહત્ત્વનું છે ?
(A) પંચમાં ત્રણ પુરુષ અને બે મહિલા સભ્યો હોવા જોઈએ.
(B) પંચમાં કૃષિ, કારીગરી, શિક્ષણ, ધર્મ અને વ્યાપાર દરેકના એક એમ કુલ પાંચ સભ્યો જરૂરી છે.
(C) પંચના સભ્યો ગ્રામ સમુદાય દ્વારા પસંદગી અને સ્વીકૃતિ પામેલા તથા શાણા અને આદરણીય હોવા જોઈએ.
(D) પંચમાં ત્રણ સભ્યો 18થી 35 વર્ષના અને બે સભ્યો 50થી ઉપરની ઉંમરના હોવા જોઈએ.

29 ઓપ્ટિકલ ફાઈબર કેબલ શાના માટે વપરાય છે ?

(A) વિદ્યુત વિતરણ (B) ટી.વી. ચેનલોનું વિતરણ

(C) સંદેશાવ્યવહાર (D) રોડ બનાવવા

30 'એપોજી' એ એવી સ્થિતિ છે કે.....

(A) કૃત્રિમ ઉપગ્રહ પૃથ્વીથી સૌથી નજીક હોય

(B) કૃત્રિમ ઉપગ્રહ સૂર્યથી સૌથી નજીક હોય

(C) કૃત્રિમ ઉપગ્રહ પૃથ્વીથી સૌથી દૂર હોય

(D) કૃત્રિમ ઉપગ્રહ સૂર્યથી સૌથી દૂર હોય

31 નીચેનામાંથી કયું એક સાધન વરસાદ માપવા વપરાય છે ?

(A) સાલીનોમીટર (B) ઊડોમીટર

(C) વીસ્કોમીટર (D) પાયનોમીટર

32 સબસોનિક અને સુપરસોનિક શબ્દો શેના માટે વપરાય છે ?

(A) પાણીના પ્રવાહની ગતિ (B) હવાના પ્રવાહની ગતિ

(C) ધરતીકંપની ગતિ (D) અવાજની ગતિ

33 નદીમાંથી સમુદ્રમાં વહાણ પ્રવેશ કરે ત્યારે

(A) તે થોડું ઉંચકાય છે.

(B) તે થોડું નીચું જાય છે.

(C) તે જેમ છે તેમ જ રહે છે.

(D) તેનું ઉંચકાવું અને નીચું થવું તે બાબત તે કયા પદાર્થમાંથી બનાવ્યું છે તેની પર આધાર રાખે છે.

34 પુખ્ત મનુષ્યનું હૃદય પ્રતિમિનિટે કેટલી વાર ધબકે છે ?

(A) 96 (B) 84

(C) 72 (D) 60

35 નીચેના પૈકી કઈ નિદાન પદ્ધતિમાં વિકિરણ (રેડિયેશન) થતું નથી ?

(A) મેમોગ્રાફી (B) એક્સરે

(C) સીટીસ્કેન (D) એન્ડોસ્કોપી

36 'તેજાબી વરસાદ'ની ઘટના માટે કયો વાયુ કારણભૂત હોય છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) સલ્ફર ડાયોક્સાઈડ

(C) કાર્બન મોનોક્સાઈડ (D) હાઈડ્રોજન

37 ભારતના બંધારણમાં મૂળભૂત હક્કો તેના કયા અનુચ્છેદ ક્રમાંકમાં સમાવિષ્ટ છે ?

(A) 370 (B) 226

(C) 22 (D) 14

38 લોકસભામાં રજૂ થતું વાર્ષિક નાણાકીય નિવેદન ભારતના બંધારણના કયા આર્ટિકલ અન્વયે રજૂ થાય છે ?

(A) 74 (B) 112

(C) 268 (D) 14

39 ડૉ. બાબાસાહેબ આંબેડકરને નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) યુવાનીમાં સશસ્ત્ર ક્રાંતિકારીઓને ગુપ્ત સહાય

(B) વડોદરામાં નોકરી

(C) 'થોટ્સ ઑન પાકિસ્તાન' પુસ્તકનું લેખન

(D) ભારતના બંધારણના ઘડવૈયા

40 નીચેનામાંથી કોણ ભારતની બંધારણ સભાના બંધારણીય સલાહકાર હતા ?

(A) જવાહરલાલ નહેરુ (B) એમ. સી. સેતલવાડ

(C) કનૈયાલાલ મુનશી (D) બી. એન. રાવ

41 ભારત સરકારના મુખ્ય કાયદા અધિકારી કોણ છે ?

(A) એટર્ની જનરલ (B) કાયદા પ્રધાન

(C) મુખ્ય ન્યાયમૂર્તિ (D) સર્વોચ્ચ અદાલતના સચિવ

42 નીચેના કયા મુકદમામાં ભારતની સર્વોચ્ચ અદાલતે ''સંવિધાનના મૂળ સંરચના સિદ્ધાંત''નું પ્રતિપાદન કર્યું હતું ?

(A) ગોલકનાથ વિરુદ્ધ પંજાબ રાજ્ય

(B) સજ્જનસિંહ વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય

(C) કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ રાજ્ય

(D) શંકરીપ્રસાદ વિરુદ્ધ કેન્દ્ર (ભારત સંઘ)

43 ભારતીય બંધારણ અનુસાર મૂળભૂત અધિકારોનું સંરક્ષક (Guardian) કોણ ?

(A) સંસદ (B) રાષ્ટ્રપતિ

(C) ન્યાયપાલિકા (D) મંત્રીમંડળ

44 કોફેપોસાનો કાયદો નીચે દર્શાવેલ કયા પ્રકારના ગુનાઓ માટે લાગુ પડે છે ?

(A) 'વેટ'ની ચોરી (B) કૉફી પર ડ્યૂટીની ચોરી

(C) દાણચોરી (D) ભ્રષ્ટાચાર

45 લોકપાલ મુદ્દે પ્રસિદ્ધિ પામેલા અણ્ણા હજારેના સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) અણ્ણા હજારે તેમની યુવાનીમાં દેશના સંરક્ષણ ખાતાની સેવામાં હતા.

(B) અણ્ણા હજારેએ તેમને ભારતરત્ન ઈલકાબ સ્વીકારવાની ના પાડી હતી.

(C) અણ્ણા હજારેએ તેમના વતન રાળેગણસીંદી જિલ્લો અહમદનગરથી ગ્રામીણ વિકાસ અને સામાજિક પરિવર્તનની શરૂઆત કરી હતી.

(D) ઉપરના ત્રણેય જવાબ સાચા છે.

46 વર્તમાન ત્રાસવાદ-આતંકવાદ સમસ્યા સંદર્ભે તાજેતરમાં માર્યા ગયેલા આતંકવાદી ઈલ્યાસ કાશ્મીરી સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) ઈલ્યાસ કાશ્મીરી ડ્રોન હુમલામાં મરાયો હતો.

(B) ઈલ્યાસ કાશ્મીરીને પાકિસ્તાનના ઈસ્લામાબાદના સ્થળે ખતમ કરાયો હતો.

(C) ઈલ્યાસ કાશ્મીરીની હત્યા મિસાઈલો દ્વારા કરવામાં આવી હતી.

(D) ઈલ્યાસ કાશ્મીરી પાકિસ્તાનના દક્ષિણ વઝિરીસ્તાનમાંના ટાર્ગેટેડ હુમલામાં માર્યો ગયો હતો.

47 પોંડિચેરીના નવનિર્વાચિત મુખ્યમંત્રી કોણ છે ?

(A) એમ. કરૂણાકરન (B) એન. રંગાસ્વામી

(C) એમ. રંગાદુરાઈ (D) એન. દોરાઈસ્વામી

48 'ભારતીય અવકાશ સંશોધન સંસ્થાન'ના વર્તમાન અધ્યક્ષ છે ?

(A) કે. રામાનુજન (B) ડી. ગોપાલરાવ

(C) એમ. સુબ્રહ્મણયમ્ (D) કે. રાધાકૃષ્ણન્

49 તાજેતરમાં પોતાના બંધારણીય-રાજનીતિક નિર્ણયોથી ખૂબ જ ચર્ચામાં રહેલા કર્ણાટકના રાજ્યપાલ મહોદય છે.

(A) હંસરાજ ભારદ્વાજ (B) બી. એસ. યેદિયુરપ્પા

(C) એચ. ડી. દેવગૌડા (D) હંસરાજ હંસ

50 જૈતાપુર (મહારાષ્ટ્ર)માં શાનો વિરોધ થઈ રહ્યો છે ?

(A) ગૅસ પાઈપલાઈન (B) સિમેન્ટ ફેક્ટરી

(C) એરપોર્ટ (D) અણુમથક

51 2G કૌભાંડના કિસ્સામાં જેમની ધરપકડ થઈ છે તે કેન્દ્રીય પ્રધાન કયા પક્ષના સાંસદ છે ?

(A) ડી.એમ.કે. (B) એ.ડી.એમ.કે.

(C) પી.એમ.કે. (D) એ.આઈ.ડી.એમ.કે.

52 અલગ તેલંગણા રાજ્યની માંગણી કયા રાજ્યમાં થઈ છે ?

(A) તામિલનાડુ (B) કર્ણાટક

(C) આંધ્રપ્રદેશ (D) ઓરિસ્સા

53 કર્કવૃત્ત ગુજરાતના કયા જિલ્લાઓમાંથી પસાર થાય છે ?

(A) કચ્છ, મહેસાણા અને સાબરકાંઠા

(B) સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ

(C) સાબરકાંઠા, ખેડા, વડોદરા

(D) મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા

54 કચ્છના મોટા રણપ્રદેશમાં જામેલો કડવો ક્ષાર કયા નામે ઓળખાય છે ?

(A) લાણાસરી (B) લવણસરી

(C) કાળાસરી (D) ક્વાથ

55 એલ્યુમિનિયમ પૃથ્વીના ભૂગર્ભમાં કયા સ્વરૂપે રહેલું છે ?

(A) ક્રાયોલાઇટ (B) જીપ્સમ

(C) ઈરીડીયમ (D) બોક્સાઇટ

56 અલિયાબેટ કઈ નદીમાં સ્થિત છે ?

(A) સાબરમતી (B) મહી

(C) તાપી (D) નર્મદા

57 ગ્રામ પંચાયતની મુદત કેટલાં વર્ષની હોય છે ?

(A) એક

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ

58 ગ્રામ પંચાયતની રચના માટે જરૂરી એવી (ઓછામાં ઓછી વસ્તી) વસ્તી કોઈ ગામ ધરાવતું ન હોય તો તેણે પંચાયત રચવા શું કરવું પડે ?

(A) જરૂરી વસ્તી થાય ત્યાં સુધી રાહ જોવી પડે.

(B) જે ગામમાં જરૂરી વસ્તી હોય તેવા ગામ સાથે જોડાઈ સંયુક્ત પંચાયત રચી શકાય.

(C) અન્ય ગ્રામ પંચાયતની તાબેદારી સ્વીકારી તેના દ્વારા પોતાના ગામનો વહીવટ કરવો.

(D) ગ્રામ પંચાયતની રચના માટે જરૂરી ઓછામાં ઓછી વસ્તી ધરાવતાં બે સ્વતંત્ર ગામો ભેગા થઈ સંયુક્ત ગ્રામ પંચાયત રચી શકે.

59 ગ્રામ પંચાયત વર્ષમાં કેટલી વાર અને ક્યારે ગ્રામસભા બોલાવે છે ?

(A) વર્ષમાં બે વાર, જૂન અને ડિસેમ્બરમાં

(B) વર્ષમાં એક વાર, માર્ચ મહિનામાં

(C) વર્ષમાં એક વાર, દશેરાના દિવસે

(D) વર્ષમાં ત્રણ વાર, એપ્રિલ, ઑગસ્ટ અને નવેમ્બરમાં

60 નીચેનામાંથી કયા રાજ્યમાં પંચાયતી રાજવ્યવસ્થા નથી ?

(A) નાગાલૅન્ડ

(B) મેઘાલય

(C) મિઝોરમ

(D) (A), (B), (C) ત્રણેયમાં નથી.

61 મહાગુજરાત આંદોલનના પ્રણેતા કોણ હતા ?

(A) શ્રી ઠક્કરબાપા

(B) શ્રી છોટાલાલ પુરાણી

(C) શ્રી મોરારજી દેસાઈ

(D) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

62 નવનિર્માણ આંદોલન કયા હેતુ માટે થયું હતું ?

(A) સત્તા પરિવર્તન

(B) સમાજ સુધારા

(C) મોંઘવારી હટાવવી

(D) સમાજમાં નશાબંધીનો પ્રચાર

63 ગાંધીનગરને ગુજરાતના પાટનગર તરીકે વિકસાવવાના કામની શરૂઆત કયા મુખ્યમંત્રીશ્રીના સમય દરમ્યાન થયું ?

(A) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

(B) શ્રી બળવંતરાય મહેતા

(C) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

(D) શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ

64 ગુજરાત રાજ્યની સ્થાપના પછી સર્વપ્રથમ વિધાનસભા અધ્યક્ષપદે કયા મહાનુભાવ હતા ?

(A) શ્રી કુંદનલાલ ધોળકીયા (B) શ્રી નટવરલાલ શાહ

(C) શ્રી રાઘવજી લેઉઆ (D) શ્રી કલ્યાણજી મહેતા

65 ગુજરાતમાં નિર્માણાધીન ''ક્રાંતિતીર્થ'' સાથે કોનું નામ જોડાયેલું છે ?

(A) સરદારસિંહ રાણા (B) સરદાર પટેલ

(C) સરદાર ભગતસિંહ (D) શ્યામજી કૃષ્ણ વર્મા

66 ''ગોળીઓ પર કોઈના નામ - સરનામાં હોતા નથી.'' આ વાક્ય મહાગુજરાત આંદોલન વખતે કોણે ઉચ્ચાર્યું હતું ?

(A) બ્રહ્મકુમાર ભટ્ટ (B) ઠાકોરભાઈ દેસાઈ

(C) મોરારજીભાઈ દેસાઈ (D) હરિહર ખંભોળજા

67 ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની વ્યવસ્થાપક સમિતિમાં સ્થાન મેળવનાર સૌ પ્રથમ ગુજરાતી કોણ હતું ?

(A) મગનલાલ વખતચંદ શેઠ (B) દલપતરામ ડાહ્યાભાઈ

(C) ભોગીલાલ પ્રાણવલ્લભદાસ (D) ભોળાનાથ સારાભાઈ

68 ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે શરૂ કરેલી યુનિવર્સિટીઓ સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં પેટ્રોલિયમ યુનિવર્સિટી શરૂ કરાઈ છે.

(B) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે શરૂ કરાઈ છે.

(C) એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની સ્થાપના અમદાવાદમાં કરાઈ છે.

(D) સંસ્કૃત યુનિવર્સિટીની શરૂઆત સોમનાથ (વેરાવળ) ખાતે કરવામાં આવી છે.

69 ગુજરાતની પંચામૃત યોજનાઓની પાંચ શક્તિ એટલે -

(A) જળશક્તિ, ઊર્જાશક્તિ, જ્ઞાનશક્તિ, કૃષિશક્તિ અને રક્ષાશક્તિ

(B) વિદ્યાશક્તિ, નાણાશક્તિ, જ્ઞાનશક્તિ, કૃષિશક્તિ અને વિદ્યુતશક્તિ

(C) ઊર્જાશક્તિ, શિક્ષાશક્તિ, કૃષિશક્તિ, જળશક્તિ અને પર્યાવરણશક્તિ

(D) ન્યાયશક્તિ, જ્ઞાનશક્તિ, કૃષિશક્તિ, ઊર્જાશક્તિ અને શિક્ષાશક્તિ

70 રોજગારવાંછુ ઉમેદવારોને રોજગારી પ્રાપ્તિ માટે નીચેના પૈકી કઈ વેબસાઈટ વધુ ઉપયોગી ગણાય ?

(A) N. I. C. (B) OJAS

(C) GSWAN (D) SWAGAT ONLINE

71 ''ગુજરાત તકેદારી પંચ''ના વર્તમાન વડા કોણ છે ?

(A) પી. કે. લહેરી (B) અભિલાષા કુમારી

(C) ડૉ. મંજુલા સુબ્રમણ્યમ્ (D) સુધીર માંકડ

72 ''સુરક્ષિત માતૃત્વ દિવસ'' કોની સ્મૃતિમાં ઉજવાય છે ?

(A) મણિબહેન પટેલ (B) અમૃતા પટેલ

(C) કસ્તુરબા ગાંધી (D) મધર ટેરેસા

73 ગુજરાતમાં પ્રથમ મહિલા કુલપતિ કોણ હતા ?

(A) પુષ્પાબહેન મહેતા (B) હંસાબહેન મહેતા

(C) દર્શનાબહેન મહેતા (D) રાજલબહેન મહેતા

74 ''રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ''ના વર્તમાન અધ્યક્ષ કોણ છે ?

(A) ડૉ. અમૃતા આનંદ (B) અમૃતા ચૌધરી

(C) ડૉ. અમૃતા પટેલ (D) અમૃતા સિંહ

75 વહાણવટાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ મહિલા કોણ છે ?

(A) સુમતીબહેન મોરારજી (B) શ્રીમતી સુમિત્રા મહાજન

(C) કુમુદીની લાખિયા (D) શ્રીમતી સરિતા ખટાઉ

76 શંકરાચાર્ય અને મંડનમિશ્રના વાદવિવાદ વખતે ન્યાય તોળનાર ભારતીય મહિલા એટલે....

(A) ગાર્ગી (B) અપાલા

(C) મૈત્રેયી (D) મંડનમિશ્રની પત્ની

77 યુનિક આઈડેન્ટીફિકેશન નંબર મેળવનાર પ્રથમ ભારતીય કોણ છે ?

(A) તમીમ ઈકબાલ (B) ગગન નારંગ

(C) રંજના સોનવણે (D) પી. એલ. પુનિયા

78 વિકિલિક્સ વેબસાઈટના સ્થાપક અસાંજે કયા દેશના નાગરિક છે ?

(A) ઈંગ્લૅન્ડ (B) બેલ્જિયમ

(C) ઑસ્ટ્રેલિયા (D) ત્રણેયમાંથી એકેય નહીં

79 વૃક્ષનું આયુષ્ય શેના પરથી માપવામાં આવે છે ?

(A) વૃક્ષની ઊંચાઈથી

(B) વૃક્ષની જાડાઈથી

(C) વૃક્ષના થડમાં પડેલ વર્તુળાકાર વલયોથી

(D) થડના માવાના પૃથક્કરણથી

80 ગુજરાતમાં ફ્લોરસ્પાર કયા વિસ્તારમાંથી મળી આવે છે ?

(A) વડોદરા (B) છોટા ઉદેપુર

(C) ભરૂચ (D) વ્યારા

81 ગુજરાતમાં 'પરમાણુ વીજમથક'ની યોજના કયા સ્થળે આકાર લઈ રહી છે ?

(A) હાંસાપુર (B) મીઠી વીરડી - જસાપર

(C) માધાપર (D) રાણપુર

82 દરિયાકાંઠાની વનસ્પતિ 'મેનગ્રુવ્ઝ'નું ગુજરાતી પર્યાયવાચી નામ છે ?

(A) ચેર (B) કેર

(C) ચેરી (D) ખેરી

83 ગુજરાતમાં રાગીનું ઉત્પાદન નીચેનામાંથી કયા જિલ્લામાં થાય છે ?

(A) ડાંગ (B) બનાસકાંઠા

(C) કચ્છ (D) મહેસાણા

84 સિલિકોન શેમાંથી પ્રચુર માત્રામાં મળી આવે છે ?

(A) કોલસો (B) રેતી

(C) ચૂનાના પથ્થર (D) મીઠું

85 પર્યાવરણ અને ઉદ્યોગો સંદર્ભે ઔદ્યોગિક એકમો માટેના સૌથી વધુ સહિયારા શુદ્ધીકરણ પ્લાન્ટ (Common Effluent Treatment Plant) શરૂ કરવામાં દેશનું કયું રાજ્ય પ્રથમ ક્રમે આવે છે ?

(A) કર્ણાટક (B) મહારાષ્ટ્ર

(C) આંધ્રપ્રદેશ (D) ગુજરાત

86 ગુજરાતમાં સૌથી વધુ ઔદ્યોગિક એકમો ધરાવતી ઔદ્યોગિક વસાહત કઈ છે ?

(A) વાપી ઔદ્યોગિક વસાહત (B) હજીરા ઔદ્યોગિક વસાહત

(C) અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત (D) વટવા ઔદ્યોગિક વસાહત

87 હિંદભરમાં ટેક્ષટાઇલ ઉદ્યોગ શરૂ કરવાનો સૌ પ્રથમ વિચાર કરનાર કોણ હતું ?

(A) રણછોડલાલ છોટાલાલ (B) કાવસજી દાવર

(C) દાદાભાઈ નવરોજી (D) કસ્તુરભાઈ લાલભાઈ

88 ઈ.સ. 1877માં અમદાવાદમાં 'સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી'ની સ્થાપના કોણે કરી હતી ?

(A) ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર (B) અંબાલાલ સાકરલાલ દેસાઈ

(C) રણછોડલાલ છોટાલાલ (D) અંબાલાલ સારાભાઈ

89 સોઈલ હેલ્થ કાર્ડને લીધે ખેડૂતોને કયો ફાયદો નથી થયો ?

(A) આ કાર્ડ ધરાવનાર ખેડૂતને તેની જમીનના પ્રમાણમાં સરકાર મફત બિયારણ આપે છે.

(B) ખેડૂતોને તેની જમીનમાં રહેલાં ખનીજ દ્રવ્યોની જાણકારી મળે છે.

(C) જમીનમાં ખૂટતાં ખનીજ દ્રવ્યોને ધ્યાનમાં રાખી કયું અને કેટલું ખાતર નાખવાનું તે ખેડૂત નક્કી કરી શકે છે.

(D) કેટલીક જગ્યાએ ખેડૂત અગાઉ જ્યાં વર્ષમાં એકથી બે પાક લેતો હતો ત્યાં હવે ત્રણથી ચાર પાક લેતો થયો છે.

90 ગુજરાતને કેટલા એગ્રો-ક્લાયમેટ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે ?

(A) ચાર (B) આઠ

(C) નવ (D) સાત

91 નીચે દર્શાવેલ પાત્રો અને તેની કૃતિઓ પૈકી કઈ જોડી સાચી નથી ?

(A) ર. વ. દેસાઈ - દિવ્યચક્ષુ - જગદીશ - કોકીલા

(B) ક. મા. મુનશી - ગુજરાતનો નાથ - કાક - મંજરી

(C) પન્નાલાલ પટેલ - માનવીની ભવાઈ - કાનજી - જીવી

(D) ઉપરની ત્રણે જોડીઓ સાચી છે

92 નીચે દર્શાવેલ સાહિત્યકૃતિઓમાં કયું જોડકું સાચું નથી ?

(A) કોઈનો લાડકવાયો - ઝવેરચંદ મેઘાણી

(B) જનનીની જોડ સખી નહીં જડે રે લોલ - બોટાદકર

(C) રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી - નરસિંહ મહેતા

(D) જૂનું ઘર ખાલી કરતાં - સુરસિંહજી ગોહિલ (કલાપી)

93 'વારલી' એ કઈ કળા છે ?

(A) નૃત્ય (B) ચિત્ર

(C) સંગીત (D) શિલ્પ

94 ધોળાવીરામાંથી પ્રાપ્ત થયેલ સીલ શેનાં બનેલાં છે ?

(A) તાંબું (B) સીસું

(C) લોઢું (D) પકવેલી માટી

95 'ધમાલ' નૃત્ય કોની ખાસિયત છે ?

(A) ડાંગી આદિવાસી (B) ભીલ

(C) ખારવા (D) સીદી

96 ગુજરાતનાં ધાર્મિક સ્થળો બાબતે નીચે પૈકી કયું વિધાન સૌથી વધુ યોગ્ય ગણાય ?

(A) અંબાજી, જિલ્લો : બનાસકાંઠા - ત્ર્યંબાવટી નગરી

(B) ભડિયાદ, જિલ્લો : અમદાવાદ - ઉર્સનો મેળો

(C) દ્વારકા, જિલ્લો : જામનગર - શારદાપીઠ

(D) ઉપરના ત્રણે જવાબો સાચા છે

97 ગુજરાતી સાહિત્યમાં ''અર્વાચીનોમાં આદ્ય'' તરીકે જાણીતા સર્જક કોણ છે ?

(A) ગોવર્ધનરામ ત્રિપાઠી (B) નરસિંહરાવ દિવેટીયા

(C) કવિ નર્મદ (D) ક. મા. મુનશી

98 ગુજરાતનાં કુમુદીની લાખિયા કયા ક્ષેત્ર સાથે સંકળાયેલાં છે ?

(A) ચિત્રકલા (B) નૃત્યકલા

(C) ફિલ્મ (D) સાહિત્ય

99 નીચેનામાંથી કોને દાંત હોતા નથી ?

(A) મોર (B) કીવી

(C) ઘુવડ (D) કાચબો

100 નીચેનામાંથી કઈ સંખ્યા 560ના 40 ટકાના 30 ટકા બરાબર છે ?

(A) 280ના 80 ટકાના 15 ટકા (B) 280ના 40 ટકાના 30 ટકા

(C) 280ના 40 ટકાના 60 ટકા (D) એક પણ નહીં

## રફ કામ માટે જગ્યા